હાંસોટ-અંકલેશ્વરમાં સવા 5 ઇંચ વર્ષા

ભરૂચ જિલ્લામાં બે દિવસથી મુશળધાર વરસાદ

ભરૂચ: લાંબી રાહ જોયા બાદ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરી છે. 24 કલાકમાં સૌથી વધુ વરસાદ દરિયાઈ પટ્ટીના હાંસોટ અને ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં સવા પાંચ ઈંચ નોંધાયો છે. જિલ્લા મથક ભરૂચમાં 2 ઈંચ અને નેત્રંગમાં સવા 1 ઈંચ વરસાદ ખાબક્યો છે.

હવામાન વિભાગે જિલ્લામાં છૂટાછવાયા અને ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. જેના પગલે બુધવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદે માઝા મૂકી છે. જો કે, ભરૂચ શહેરમાં કસક ગરનાળા પાસે પાણીના નિકાલની વ્યવસ્થા ચૂકવાના કારણે સામાન્ય ટ્રાફિક સમસ્યા સર્જાઈ છે. અહીં દર વર્ષની જેમ આ વખતે પણ પાણી ભરાઈ જતાં વાહનચાલકોએ અવરજવરમાં તકલીફ વેઠી હતી.

ભરૂચ જિલ્લામાં 24 કલાકમાં આમોદમાં 1 મીમી, વાગરા 20 મીમી, ભરૂચમાં 49 મીમી, ઝઘડિયામાં 11 મીમી, અંકલેશ્વરમાં 129 મીમી, હાંસોટમાં 132 મીમી, વાલિયામાં 9 મીમી અને નેત્રંગમાં 34 મીમી વરસાદ નોંધાયો હતો.

હિતેશ પટેલ

માંડવીમાં વરસાદથી જનજીવન તરબતર

માંડવી: માંડવી નગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બુધવારે વરસેલા વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

અનેક વિસ્તારોમાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વરસાદના આગમનથી સૌથી વધુ ઉત્સાહ ખેડૂત વર્ગમાં જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક સમયથી વરસાદની ખેંચને કારણે પાક સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી હતી, ત્યારે આ વરસાદ પાક માટે 'સંજીવની' સમાન સાબિત થયો છે.

બારડોલી પંથકમાં તોફાની વરસાદ



સાંજે બે કલાકમાં દોઢ ઇંચ વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારો અને ખેતરો પાણી-પાણી

બારડોલી: બારડોલી નગર સહિત સમગ્ર પંથકમાં આજે આખો દિવસ વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. સવારથી શરૂ થયેલા વરસાદે બપોરે થોડો વિરામ લીધો હતો, પરંતુ સાંજે 6 વાગ્યાથી અચાનક જ મેઘરાજાએ ધોધમાર બેટિંગ શરૂ કરી દીધી હતી. દિવસ દરમિયાન પંથકમાં કુલ 52 મિમી એટલે કે અંદાજિત 2 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

દિવસભરના કુલ વરસાદમાંથી સાંજે 6થી 8 વાગ્યા સુધીના માત્ર બે જ કલાકમાં 39 મિમી (અંદાજિત દોઢ ઈંચ) જેટલો વરસાદ ખાબકી ગયો હતો. આ ટૂંકા ગાળામાં તૂટી પડેલા ભારે વરસાદને કારણે સમગ્ર બારડોલી નગરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સાંજના સમયે જ વરસાદનું જોર સૌથી વધુ હોવાથી ઓફિસ કે નોકરી-ધંધા પરથી ઘરે પરત ફરી રહેલા લોકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદના પગલે નગરના શારીરીયા મોરા વિસ્તારમાં ફરી એકવાર પાણી ભરાઈ ગયા હતા. રસ્તાઓ પર પાણી ફરી વળતા આ માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. નગરના અન્ય અનેક નીચાણવાળા વિસ્તારો પણ પાણીમાં ગરકાવ થઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા હતા.

સાથોસાથ બારડોલીના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ ધમાકેદાર ઈનિંગ રમી હતી. ગ્રામ્ય પંથકમાં આખો દિવસ પડેલા ધોધમાર વરસાદને કારણે ચારેય તરફ પાણી ફરી વળ્યા છે. નીચાણવાળા તેમજ સપાટ ભાગોમાં આવેલાં ખેતરો સંપૂર્ણપણે પાણી-પાણી થઈ ગયાં છે.



ભરૂચમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરની દીવાલ પડતાં પિતા-પુત્રનાં મોત, બે ગંભીર

સ્થાનિક લોકોની મદદથી ભારે જહેમત બાદ તમામને બહાર કાઢવામાં આવ્યા

ભરૂચ: ભરૂચ શહેરના આલી માતરિયા તળાવ વિસ્તાર નજીક નિર્માણાધીન વર્લ્ડ ટ્રેડ સેન્ટર શોપિંગ મોલની સાઇટ પર ગત રાત્રે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. ચોમાસાના પ્રથમ વરસાદના કારણે સાઇટ પરની કંપાઉન્ડ વોલ અચાનક ધરાશાયી થઈ હતી, જે બાજુમાં આવેલા મકાન પર તૂટી પડતાં ઘરમાં સૂતેલા એક જ પરિવારના 4 સભ્ય કાટમાળ નીચે દબાયા હતા.

આ દુર્ઘટનામાં 45 વર્ષીય અશ્વિન વસાવા અને તેમના 21 વર્ષીય પુત્ર આશિષ વસાવાનું મોત નીપજ્યું છે. જ્યારે અશ્વિનની પત્ની અને વૃદ્ધ માતાને ગંભીર ઇજા પહોંચી છે. બંને ઘાયલ મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે, જ્યાં તેમની હાલત નાજૂક છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક લોકોની મદદથી ભારે જહેમત બાદ કાટમાળ નીચેથી તમામને બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલાં જ પિતા-પુત્રે દમ તોડી દીધો હતો. તપાસમાં નિર્માણ સાઇટની સુરક્ષા ધોરણોની ઉપેક્ષા થઈ હોવાનું સામે આવે તો બિલ્ડર અને સંબંધિત ઇજનેરો સામે કડક કાર્યવાહી થઈ શકે તેમ છે.

કુડસદ પંચાયતે ચાલુ વરસાદમાં ગટરની સાફસફાઈ શરૂ કરાવી

આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવા કુડસદ ગ્રામ પંચાયતના હાલ

કીમ: કીમ-માંડવી રોડ પર કુડસદ ગ્રામ પંચાયતની હદમાં આવતા કુડસદ જીઆઈડીસી તરફની ગટરો જામ થઈ જવાના કારણે કુડસદના મુન્ના એજન્સી તેમજ અંકુર શોપિંગ સેન્ટર વાળી ગલીમાં પહેલા વરસાદમાં જ પાણી ભરાઈ ગયા હતા. જેનો અહેવાલ ગઈકાલે 'ગુજરાતમિત્ર'માં પ્રસારિત કરવામાં આવ્યો હતો.

કિરણ ઢોડિયા

અહેવાલ પ્રસારિત થયા બાદ બુધવારે કુડસદ પંચાયત સફાળી જાગી હતી અને ભર વરસાદમાં જેસીબી મશીન વડે કીમ-માંડવી રોડ પર બંને તરફની ગટરોની સાફસફાઈ શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી પ્રિમોન્સૂનના ભાગરૂપે ચોમાસા પહેલા કરવાની હોય એ ચોમાસુ શરૂ થયા બાદ શરૂ કરવામાં આવી હતી.

મહુવાના જોળમાં વરસાદને કારણે કાચું ઘર તૂટી પડ્યું

સદનસીબે પરિવારના સભ્યો બહાર નીકળી જતાં જીવ બચ્યો

અનાવલ: મહુવા તાલુકામાં મંગળવારે વરસી રહેલા અવિરત અને મુશળધાર વરસાદની વચ્ચે જોળ ગામે એક કાચું ઘર ધરાશાયી થયું હતું. સદનસીબે ઘટના સમયે પરિવારના સભ્યો સમયસર બહાર નીકળી જતાં મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી હતી.

જોળ ગામના બીડ વિસ્તારમાં આવેલા પટેલ ફળિયામાં બુધવારે સવારે આશરે 10 વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. અહીં રહેતા અરુણભાઈ મગનભાઈ અને પરેશભાઈ મગનભાઈની સંયુક્ત માલિકીનું ઘર નં.92 અને 93 ધરાવતું નળિયાવાળું કાચું ઘર

મેહુલ પટેલ

સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અચાનક પત્તાંના મહેલની જેમ ધરાશાયી થયું હતું. મકાન તૂટી પડતાં ઘરમાં રહેલી ઘરવખરી અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ કાટમાળ નીચે દબાઈ ગઈ હતી. જેના કારણે પરિવારે ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને જરૂરી સહાય કરી હતી. ઘટનાની જાણ થતાં જોળ ગામના સરપંચ વૈશાલીબેન પટેલ અને તલાટી કમ મંત્રી વિજયભાઈ ગોહિલ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં. તેમણે અસરગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ નુકસાનીનો તાગ મેળવ્યો હતો. સમગ્ર ઘટનાનો પ્રાથમિક અહેવાલ સ્થાનિક વહીવટી તંત્ર અને મામલતદાર કચેરીને મોકલી આપવામાં આવ્યો છે.

અટોદરામાં પાણીની ટાંકીની દીવાલ તૂટતાં શ્રમિક મહિલાનું મોત

જે.સી.બી. મશીનથી માટીનું પુરાણ કરતી વેળા બનેલી ઘટના

દીવાલ તૂટી પડતાં ત્રણ મજૂર દબાયાં હતાં

સાયણ: ઓલપાડના અટોદરામાં આવેલી કાવેરી બિઝનેસ પાર્કમાં પ્લોટ નં.૬માં નિર્માણ પામી રહેલી ૮ ફૂટ ઊંચી અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી પાસે જેસીબી નં.(GJ-05-CE-8954) વડે માટી પુરાણનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન ચાલક આદિત્ય રામજીત રામે મશીન બેફામ અને બેદરકારીપૂર્વક હંકારી ટાંકીની દીવાલ સાથે ભટકાવતાં દીવાલ તૂટી પડી હતી. આ સમયે ટાંકીની અંદર પ્લાસ્ટરનું કામ કરી રહેલા મૂળ દાહોદના શ્રમિકો દીવાલ નીચે દબાઈ ગયા હતા. આ અકસ્માતમાં ૨૬ વર્ષીય મહિલા શ્રમિક કૈલાસબેન વિશાલભાઈ ભુરિયાને માથા અને મોંના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય શ્રમિક દંપતી શૈલેષ ખરાડી અને શીતલબેન ખરાડીને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે ઓલપાડની સરકારી હોસ્પિટલમાં ખસેડાયાં હતાં.

જોળવામાં યુવાને ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણા: મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના સાકરી તાલુકાના દહીવેલ ગામના વતની અને હાલ જોળવા ખાતે નક્ષત્ર રેસિડેન્સીના મકાન નં.૬૩૪માં રહેતા સતીષભાઈ રમેશભાઈ ગવળી (ઉ.વ.૩૪) કોઈ કામધંધો કરતા ન હતા. લાંબા સમયથી કોઈ રોજગારી ન હોવાના કારણે અને ઉંમર થવા છતાં લગ્નની વાત ક્યાંય પાકી ન થતી હોવાથી તેઓ માનસિક રીતે પરેશાન રહેતા હતા. દરમિયાન તેમની માતા આજીવિકા માટે સાડીના સ્ટીચિંગનું કામ લેવા અન્યના ઘરે ગયા હતા, ત્યારે આ બાબતનું મનમાં લાગી આવતા સતીષભાઈએ આવેશમાં આવી પોતાના જ ઘરમાં પંખાની મદદથી સાડી વડે ફાંસો ખાઈ લીધો હતો.

:: વેચાણ અંગેની જાહેર નોટીસ અંગે ખુલાસો ::

ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાનાં મોજે ગામ કણાવનાં બ્લોક નંબર ૧૩૦/એ/૧/૧ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૭૧-૫૮ ચોમી છે. જેનો આકાર રૂા.૨૦-૫૨ પૈ. વાળી તથા ડિસ્ટ્રીક્ટ સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ પલસાણાનાં મોજે ગામ કણાવનાં બ્લોક નંબર ૧૩૪/૧ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૦૩-૩૩ ચોમી છે. જેનો આકાર રૂા.૧૧-૯૪ પૈ. વાળી ખેતીની જમીન કે જે જમીનના માલિક મોહમદ હનીફ અબ્દુલ હમીદ શેખ, શબનમ શકીલ અહમદ શેખ, આદિલ સકીલ અહમદ શેખનાઓની સંયુકત ખાતાની જમીન ચાલી આવેલ છે. જે અંગે તા.૩૦/૬/૨૦૨૬ના રોજ ગુજરાત મિત્ર દૈનિક પેપરમાં વેચાણ અંગેની એડવોકેટ સી. જી. પાનસુરીયા હસ્તકે વર્તમાન પેપર ગુજરાત મિત્રમાં જાહેર નોટીસ આપેલ છે. જે અંગે મારા અસીલે કયારેય કોઈ સંમતિ આપી નથી. આથી તે જાહેર જનતાને તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૦૧/૦૭/૨૦૨૬

વિરલ કે. ભાટીયા એડવોકેટ
મુ.સુથાર ફળીયા, બારડોલી, તા.બારડોલી, જિ.સુરત. મો.૯૭૨૫૧ ૨૮૭૯૧

Milano MULTIPLEX
બારડોલી
Welcome To The Jungle
10:00am, 12:00pm,
01:30pm, 03:30pm,
05:00pm, 06:45pm,
09:00pm, 10:00pm
Cocktail 2
11:00am, 02:30pm,
06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જીઆરપી લિમિટેડ

CIN: L25191GJ1974PLC002555

નોંધાયેલી ઓફિસ: પ્લોટ નં. ૮, જીઆઈડીસી એસ્ટેટ, અંકલેશ્વર-૩૯૩ ૦૦૨. ગુજરાત., ફોન નં.: 02646 250471.

ઈ-મેઈલ આઈડી: investor.relations@grpweb.com, વેબસાઈટ: www.grpweb.com

પરમી વાર્ષિક સાધારણ સભા (AGM) અને ઈ-વોટિંગની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે જીઆરપી લિમિટેડ ("કંપની")ના સભ્યોની પરમી વાર્ષિક સાધારણ સભા ("AGM") ગુરૂવાર, ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે (ભારતીય પ્રમાણભૂત સમય) વીડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા યોજાશે. આ સભા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("એક્ટ"), તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો, સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("SEBI LODR"), કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રો ("MCA પરિપત્રો") અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી પરિપત્રો") ની લાગુ જોગવાઈઓના પાલન સાથે, એક સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક ઉપસ્થિતિ વિના યોજવામાં આવશે.

એમસીએ પરિપત્રો અને સેબી પરિપત્રોના પાલનમાં પરમી એજીએમની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો વાર્ષિક અહેવાલ એવા તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી (ઈ-મેઈલ દ્વારા) મોકલવામાં આવ્યો છે જેમના ઈ-મેઈલ સરનામાં કંપની, રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") અને/અથવા તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("DPs") પાસે નોંધાયેલા છે.

પરમી એજીએમની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.grpweb.com પર, બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઇટ્સ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com પર, તેમજ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") ની વેબસાઇટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે.

જે સભ્યોના ઈ-મેઈલ સરનામાં કંપની/ડીપી પાસે નોંધાયેલા નથી, તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તમામ સંદેશાવ્યવહાર ઈલેક્ટ્રોનિક રીતે મેળવવા માટે પોતાના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (જો શેર ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં હોય તો) અથવા આરટીએ (જો શેર ભૌતિક સ્વરૂપમાં હોય તો) પાસે તેને રજીસ્ટર કે અપડેટ કરાવે. લાગુ પડતા પરિપત્રો અને નિયમનકારી આવશ્યકતાઓ અનુસાર આવા સભ્યોને વાર્ષિક અહેવાલ અને એજીએમ નોટિસ મેળવવા માટેની વેબ-લિંક ધરાવતો સંદેશ પણ પ્રદાન કરી શકાય છે. જે સભ્યો એજીએમ નોટિસ અને/અથવા વાર્ષિક અહેવાલની ભૌતિક નકલ મેળવવા ઈચ્છતા હોય તેઓ કંપની અથવા આરટીએને નિયત ઈ-મેઈલ સરનામા પર પોતાની વિનંતી મોકલી શકે છે, અને લાગુ નિયમનકારી આવશ્યકતાઓને આધીન તે પ્રદાન કરવામાં આવશે.

કંપનીએ વીસી/ઓએવીએમ દ્વારા એજીએમનું સંચાલન કરવા અને રિમોટ ઈ-વોટિંગ તેમજ એજીએમ દરમિયાન ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડવા માટે અધિકૃત એજન્સી તરીકે એનએસડીએલની સેવાઓ લીધી છે.

કટ-ઓફ તારીખ એટલે કે ગુરૂવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, એનએસડીએલ દ્વારા પૂરી પાડવામાં આવેલ રિમોટ ઈ-વોટિંગ સુવિધા દ્વારા એજીએમ નોટિસમાં દર્શાવેલા કાર્યો પર ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે છે.

એમસીએ પરિપત્રોના સંદર્ભમાં, સભ્યોની ભૌતિક હાજરીની આવશ્યકતા નાબૂદ કરવામાં આવી હોવાથી, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૫ હેઠળ પ્રોક્સીની નિમણૂક કરવાની સુવિધા આ એજીએમ માટે ઉપલબ્ધ રહેશે નહીં.

સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે:

a) રિમોટ ઈ-વોટિંગ સોમવાર, ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે (IST) શરૂ થશે;
b) રિમોટ ઈ-વોટિંગ બુધવાર, ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે (IST) સમાપ્ત થશે. ત્યારપછી, રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ એનએસડીએલ દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે અને ઉક્ત તારીખ અને સમય પછી વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં;
c) ઇલેક્ટ્રોનિક વોટિંગ ઇવેન્ટ નંબર (EVEN): 139832;
d) રિમોટ ઈ-વોટિંગ માટેની પાત્રતા, વીસી/ઓએવીએમ સુવિધા દ્વારા એજીએમમાં સહભાગિતા અને એજીએમ દરમિયાન ઈ-વોટિંગ નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ ગુરૂવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ છે;
e) સભ્યોના મતાધિકાર કટ-ઓફ તારીખના રોજ કંપનીની ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડીમાં તેમના શેરહોલ્ડિંગના પ્રમાણમાં રહેશે;
f) નાણાકીય વર્ષ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થતા વર્ષ માટે ડિવિડન્ડ મેળવવા માટે સભ્યોની પાત્રતા નક્કી કરવાની રેકોર્ડ ડેટ, જો એજીએમમાં મંજૂર થાય તો, ગુરૂવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ છે;
g) સભ્ય દ્વારા એકવાર ઠરાવ પર મત આપી દીધા પછી, સભ્યને ત્યારબાદ તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં;
h) કટ-ઓફ તારીખના રોજ ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટર અથવા બેનિફિશિયલ ઓનર્સના રજિસ્ટરમાં જે વ્યક્તિનું નામ નોંધાયેલું હોય તે જ વ્યક્તિ એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અને ઈ-વોટિંગની સુવિધાનો લાભ લેવા માટે હકદાર રહેશે;
i) કોઈપણ વ્યક્તિ જે એજીએમ નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદે છે અને સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ એટલે કે ગુરૂવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ શેર ધરાવે છે, તે evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને લોગિન ઓળખપત્રો મેળવી શકે છે. જોકે, જો તે વ્યક્તિ ઈ-વોટિંગ માટે એનએસડીએલ પાસે પહેલેથી જ નોંધાયેલી હોય, તો તે તેના અસ્તિત્વમાં રહેલા યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખે સભ્ય ન હોય તેણે આ નોટિસ માત્ર માહિતીના હેતુ માટે જ ગણવી;
j) જે સભ્યોએ એજીએમ પહેલા રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજર રહી શકે છે અને ભાગ લઈ શકે છે પરંતુ તેઓ એજીએમ દરમિયાન ફરીથી મત આપવા માટે હકદાર રહેશે નહીં;
k) વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજરી આપતા સભ્યો જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ ઈ-વોટિંગ સુવિધા દ્વારા એજીએમ દરમિયાન મત આપવા માટે પાત્ર રહેશે;
l) રિમોટ ઈ-વોટિંગ, એજીએમ દરમિયાન ઈ-વોટિંગ, વીસી/ઓએવીએમ દ્વારા સહભાગિતા અને ઈ-મેઈલ સરનામાંઓની નોંધણી માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ નોટિસમાં આપવામાં આવી છે અને તે કંપનીની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે. સભ્યોને આવી વિગતો મેળવવા માટે www.grpweb.comની મુલાકાત લેવા વિનંતી છે.
m) વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજર રહેલા સભ્યોને એક્ટની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે ગણવામાં આવશે.
n) રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમમાં સહભાગિતાને લગતી કોઈપણ પૂછપરછના કિસ્સામાં, સભ્યો શેરધારકો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને www.evoting.nsdl.comના "Downloads" વિભાગમાં ઉપલબ્ધ ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે. એજીએમ પહેલા અથવા તે દરમિયાન સહાયની જરૂર હોય તેવા સભ્યો evoting@nsdl.co.in પર એનએસડીએલનો સંપર્ક કરી શકે છે અથવા ટોલ-ફ્રી નંબર 1800 1020 990 / 1800 22 44 30 પર કોલ કરી શકે છે અથવા સુશ્રી પલ્લવી મ્હાત્રે, ડેપ્યુટી વાઇસ પ્રેસિડેન્ટ, એનએસડીએલ, ફોન: +91 22 2499 4545નો સંપર્ક કરી શકે છે.

ડિવિડન્ડ અને અન્ય શેરધારક સંદેશાવ્યવહાર સમયસર મેળવવાની સુવિધા માટે સભ્યોને તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં રાખવામાં આવેલા શેર માટે) અથવા આરટીએ (ભૌતિક સ્વરૂપમાં રાખવામાં આવેલા શેર માટે) પાસે તેમની બેંક ખાતાની વિગતો, ટપાલ સરનામું, ઈ-મેઈલ આઈડી, મોબાઈલ નંબર, પાન, નોમિનેશન અને અન્ય કેવાયસી વિગતો નોંધાવવા/અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.

ફાઇનાન્સ એક્ટ, ૨૦૨૦ અનુસાર, ડિવિડન્ડની આવક સભ્યોના હાથમાં કરપાત્ર છે અને કંપની ઇન્કમ-ટેક્સ એક્ટ, ૧૯૬૧ હેઠળ નિયત દરો પર સ્રોત પર કર કપાત ("TDS") કરશે. કંપનીને યોગ્ય ટીડીએસ દર લાગુ કરવા માટે સક્ષમ બનાવવા માટે સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ લાગુ પડતા જાહેરનામા/દસ્તાવેજો, જો કોઈ હોય તો, ગુરૂવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં આરટીએ, લિંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (MUFG Intime India Private Limited)ને સબમિટ કરે.

બુક ક્લોઝર અને ડિવિડન્ડ

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૯૧ અને સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૪૨ અનુસાર વધુમાં નોટિસ આપવામાં આવે છે કે, એજીએમ અને ડિવિડન્ડના હેતુ માટે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક શુક્રવાર, ૧૭ જુલાઈ, ૨૦૨૬થી ગુરૂવાર, ૨૩ જુલાઈ, ૨૦૨૬ (બંને દિવસો સામેલ) સુધી બંધ રહેશે.

રૂ. ૧૦ના પ્રત્યેક ઇક્વિટી શેરદીઠ રૂ. ૩.૫૦ નું ડિવિડન્ડ, જો એજીએમમાં જાહેર કરવામાં આવે તો, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને ઇન્કમ-ટેક્સ એક્ટ, ૧૯૬૧ની જોગવાઈઓ અનુસાર જ્યાં પણ લાગુ પડતું હોય ત્યાં સ્રોત પર કર કપાતને આધીન અને નિયત સમયની અંદર ચૂકવવામાં આવશે.

જીઆરપી લિમિટેડ વતી
સહી/-
શિલ્પા મહેતા
ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર

તારીખ: ૩૦ જૂન, ૨૦૨૬
સ્થળ: મુંબઈ